# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

Azadi Ka Amrit Mahotsav

એ-વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, બહુમાળી ભવન,અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com Website : www.deoamreli.com

સત્યમેવ જયતે


પરીપત્ર નબર : 861

ક્રમાંક:મકમ/કોવિડ/કાળજી/૨૦૨૧-૨૨/ તા.૦૩/૦૧/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી/આચાર્યાશ્રી,

આ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ...

આ જિલ્લાની અનુદાનિત પ્રાથમિક શાળા તમામ...

અમરેલી શહેરી વિસ્તારની સ્વનિર્ભર પ્રાથમિક શાળા તમામ...

વિષય : કોવીડ અંતર્ગત કચેરી અને શાળામા પ્રવેશ અંગે લેવાની થતી તકેદારી બાબત.

સંદર્ભ : ગુ.સ. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ, તા.૩૧/૧૨/૨૦૨૧.

અત્રેની કચેરીની તાબાની તમામ શાળાઓમાં ફરજ બજાવતા તમામ કર્મચારીશ્રીઓને ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે કે, રાજ્યમાં કોવિડની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતાં દરેક કર્મચારીશ્રીએ કોવિડ વેક્સિનેશનના બન્ને ડોઝ લીધા છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. દરેક કર્મચારીશ્રીએ માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્ટ જાળવવુ અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવો ફરજીયાત રહેશે. કોવિડ સંબધિત અન્ય તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

વધુમાં સંદર્ભ પરીપત્રની સુચના અનુસંધાને અત્રેની કચેરી ખાતે આવતા અને આપની શાળામાં આવતા મુલાકાતીઓ એ કોરોનાની રસીના બંન્ને ડોઝ લીધા છે કે કેમ ?,તે સબબના પ્રમાણપત્રની ખાતરી કર્યા બાદ જ કચેરીમાં પ્રવેશ આપવો જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી જિ.અમરેલી

બિડાણ : સંદર્ભ પરીપત્ર

**નકલ રવાન યોગ્ય કાર્યવાહી કરાવવા સારૂ :**

પ્રતિ,

શિક્ષણ નિરીક્ષકશ્રી – સદર કચેરી

મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ – સદર કચેરી

તમામ શાખાઓ તરફ – સદર કચેરી

**નકલ રવાના જાણ સારૂ :**

માન.કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, અમરેલી

Azadi Ka Amrit Mahotsav

રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીમાં તથા ઉપક્રમોમાં પ્રવેશ માટે **Covid Vaccine Certificate** (કોવિડ રસીકરણ અંગેનું પ્રમાણપત્ર) ફરજીયાત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૧૨/૨૦૨૧.

**પરિપત્ર:**

રાજ્યમાં કોવિડની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા ઉપક્રમોમાં પ્રવેશ અંગે નીચે મુજબની સૂચનાઓની **તા.૦૧/૦૧/૨૦૨૨થી અમલ કરવાની રહેશે.**

**(૧)** સચિવાલય પરિસરમાં આવેલ વિવિધ વિભાગો તથા સ્વર્ણિમ સંકુલમાં આવતા મુલાકાતીઓ માટે બુથ પર પ્રવેશ પાસ કાઢતી વખતે મુલાકાતીએ કોરોનાની રસીના બન્ને ડોઝ લીધા છે કે કેમ, તે પ્રમાણપત્રના આધારે બુથ પરના કર્મચારી/અધિકારીએ સુનિશ્ચિત કર્યા બાદ જ પ્રવેશ પાસ ઇશ્યુ કરવાનો રહેશે.

**(૨)** આ ઉપરાંત રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા ઉપક્રમોમાં આવતા મુલાકાતીઓએ કોરોનાની રસીના બન્ને ડોઝ લીધા છે કે કેમ, તે પ્રમાણપત્રના આધારે ખાતરી કર્યા બાદ જ કચેરીમાં પ્રવેશ અપાય તે બાબતે સંબંધિત કચેરીના વડાએ તેઓની કચેરીમાં વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.રાકેશ)
અધિક મુખ્ય સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી /સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

[PTO]

Scanned by CamScanner

- સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવા સારુ)
- સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- જનરલ સિલેક્ટ ફાઈલ.

Scanned by CamScanner